 શ્રી

બાળકૃષ્ણજીના અપૂર્વ દરશન.

રચીને પ્રસિદ્ધ કરનાર

કવિ-ગિરધરલાલ હરકીસનદાસ.

સુરત.

વિકટોરીયા પ્રેસમાં મગનલાલ કીકાભાઇએ છાપી.

સંવત ૧૯૫૨. સને ૧૮૯૬.

કીમત ૦=૫૦.

'શ્રી બાળકૃષ્ણજીના દર્શન. ગ્રીષ્મ રૂતુ.

છંદ—લાવણી.

શ્વેત ઝીણી પિછવાઇ ચોકમાં રૂપાના સિંહાસનપર,
સુંદર ગાદી તકીએ વિરાજે બાળકૃષ્ણજી પ્રભુ મનહર. ટેક.
ચોક જડિત ચોરસી આરસે નયન જોઇ રહે પ્રસન્ન થઇ,
નજર ઉંચી કરતાં દેખાતી પુતળીઓ ચોગમ જે રહી.
તેની ઉપર ઝરૂખા ફરતા ત્યાંથી પણ સ્ત્રી નિરખે સહી.
કોટી રેવીસમ કાંતીવાળા નંદલાલાને ધ્યાનમાં લઇ.
અષ્ટ સખાના પદો ગવાય શુભ સાજ સાથે અતિ મધુરે સ્વર,
સુંદર ગાદી તકિએ બિરાજે બાળકૃષ્ણજી પ્રભુ મનહર—૧
દ્વાર ચાર ઉઘડે જે સમયે નરનારી હરી પ્રેમે ધસે,
જય જય જય શ્રી બાળકૃષ્ણજી જય શ્રી ગોવરધનનાથ રસે.
કેતા એક બિજાથી આગળ થઇ આડી કને ઉભા ન ખસે,
એટલામાં કળ છોડે એકદમ ફુવારા જળ ફરફર વરસે
પટ્ટપરથી બહુ ઉંચા ઝરૂખા ત્યાં સુધી જઇ પડે જળ છરછર,
સુંદર ગાદી તકિએ બિરાજે બાળકૃષ્ણજી પ્રભુ મનહર—૨
અવતાર સંખ્યા સુમાર ફુંવારા છુટે તે સમય જાણે ઝડી,
વૃષાકાળમાં થતી હોય શું અજાણને એમ ભ્રાંતી અડી.
બાળ ગુંસાઇના મગનલાલજી માહારાજ પધારે તેની ઘડી,
ઝાપટિઓ કલ મરડે વધારે જળની બુંદ રે અપાર ઉડી.
મુખિયાજીને કરથી આરતી માહારાજ લઇ ઊતારે સત્વર,
સુંદર ગાદી તકિએ બિરાજે બાળકૃષ્ણજી પ્રભુ મનહર—૩

હરીજન નરનારીની ગરદી શરદી ફુંવારાના જળની,
જાઇજુઇ મોગરા બકુલને છટા ગુલાબી શ્રીમળની.
ઉપર મનોહર ઉડે છબી શ્રીકૃષ્ન દમક મુકતાફળની,
નિરખી હરખીને લેય બલૈયાં હરીજન કે ધન ઘડી પળની.
સંપ્રદાય વાકદ્દ હરીજન જઇ ચર્ણ સ્પર્શ કરતા ગિર્ધર,
સુંદર ગાદી તકિએ બિરાજે બાળકૃષ્નજી પ્રભુ મનહર–૪

રથયાત્રાના દરશન.

છંદ ત્રિકડીનો—ગરબામાં પણ ગવાય.

આજે ઉછવ મહાન, રથયાત્રાનો સુજાણ,
બીજે પ્રહરે નિદાન, આનંદ ઘટા. ટેક.
કંચન રથ કેરો ઘાટ, મણી મુકતા ફળનો થાટ,
નરમ ગાદીનો ચળકાટ, તેપર પ્રભુ બેઠા.
યુગ્મ અશ્વ સુંદર જાત, જોડયા રથે શાક્ષાત,
તેની શોભાની શી વાત, દંગ બને દેવતા.
મંદ હશે લક્ષ્મીનાથ, જોતા ભકત કેરો સાથ,
કરે રંકને સનાથ, ધન ધન કેતા.
ધર્યા રત્નમય શ્રંગાર, ઝુલે વનમાળા સાર,
મેંકે સુગંધ અપાર, લખી શોક મેટયા.

દોહરો.

મહારાજે હરી રથ તણી, કરી દરશાવી ચાલ,
વૈશ્નવ જન ધન ધન કહે, જય જય શ્રી નંદલાલ.

દરશન અમૃતનું પાન, તૃપ્તી નથી થતી માન,
મેરા કીધી ભગવાન, અદભૂત છટા—આજે ઉછવ–૧
રૂપા મુગટનો ભકાર, કાને કુંડળ મકરાકાર,

શાગો જરકસી સારં, પિતાંબર વિલસે.
કંઠે કૌસ્તુભ મણી હાર, પુષ્પમાળાનો બહાર,
કરે પોંચીનો ચમકાર, વીટી વેડ લસે.
હરીની શોભા અપરંપાર, શેષ ભારતીનો ભાર.
કેતાં ભાગે નિરધાર, અન્ય શું કહેશે.
દિનાનાથ વિશ્વાધાર, તેની લીલા છે અપાર,
ગાઈએ થોડી ઘણી સાર, હરી માની લેશે.

દોહરો.

ઘોડા સણગાર્યા ઘણા, નાના ભૂષણ સાથ,
નર નારી નીરખી રિઝે, કરે પરસ્પર વાત.
પૂરણ પુરૂષોતમની મ્હેર, કીધાં દરશન જેયે ફેર,
મુખે આવે છે જો ફેર, પડી છુટી લટા-આજે-ર
નર નારી વૃધ બાળ, સઉને દરશનનો ખ્યાલ,
ધીમી ઉતાવળી ચાલ, ચાલી સઉ આવે.
અંતરયામી છે ગોપાળ, જાણે રૂડા ભુંડા ખ્યાલ,
તેવું ફળ દે તતકાળ, ઘણી દયા લાવે.
જન શીરે આવે આળ, હરી સૌની લે સંભાળ,
ગણી નીજ કેરાં બાળ, ગુણ નીગમ ગાવે.
શ્રીકૃષ્નજીએ ખ્યાલ, કીધા વિશ્વમાં વિશાળ,
થઈએ સાંભળી ખુશાલ, દુખ દુર જાવે.

દોહરો.

રથની શોભા ઓર છે, ઘોડાની કે ઓર,
તે સૌથી શોભે ઘણું, ગિર્ધર નંદકિશોર.

લોક ચોકનો બહુ સોર, નથી ઉભા રેવા ઠોર,
ક્રોધ કરે બહુ જોર, કોઈ જાય છે હટચાલ—આજે—૩

વૃષા ઋતુ. ગરબી. ગીરધારીની શાહે.

ચલ આલીરે, વખત થઇ દરશનની,
વૃતી ઉઠી છે હવે મનની. ટેક.
ઉથાપનનેરે, થયાને થઇ ધણી વારે,
થશે ભોગના આપણને સારે.
જુનો સરખોરે, પેરયો જો શાળુ પ્યારે,
બાંજે તો એ નથી ચિંતારે.
સજી સખીએરે, સાડી સરસ ખુબીદારે,
ચાલી વાતો કરતી પ્યારે

ઝુલ.

પેઠા મંદીરમાં બન્ને તરણીરે, ચઢી લાકે ...ાં નિહાર ...
રૂડી માળારે, કરવા બેઠી સુમનની—વૃતી—૧
ફુલ મંડળીરે, થતી હતી બહુ સારી,
મુકતી ભરવાની કેવી ન્યારી.
મોગરાનીરે, કળીઓની જાળી વિચારી,
પાડી શોભા કરી બહુ સારી.
બાજૂપરરે, ગુલાબના ફુલ ધારી,
છડા ખોસ્યા ઉંચા વિસ્તારી.

ઝુલ.

પત્ર પુષ્પ પુષ્કળ રચી મૂકયારે.
જાણે કુદરતી ઉપવન મૂકયારે.

દ્વાર ખોલ્યાંરે, પ્રસી ભરતી ભીડ જનની.—વૃ-તી—૨
ઝાપટિયારે, જેમ રણશૂરા ઝૂજે,
સડાસડ મારે ઝાપટ ન બુજે.
પલવારેરે, ટકવા દે નહીં ધ્રૂજે,
ઝાંખી થઇ ન થઇ કે સૂજે.
નીકળીનેરે, નરનારી સમજૂજે,
મુખ ઉપરથી ધામ લૂછે.

ઝુલ.

ઝાંખી જુએ સૈયરને ધારી, પડી નજરે કે ઝટ ગઇ નારી.
ગિર્ધર કેતીરે, પ્રભુ ઝાંખી ધનધનની. વૃ-તી—૩

ગરબી.

કૃષ્નપક્ષ અષાડેરે, ઝુલે હરી હીંડોળે,
લિલા નિત નવલીરે, નિરખે હરીજન ટોળે,
જુદી જુદી શોભારે, હીંડોળાની બહુ સારી,
ઝુલે બાળ કૃષ્નજીરે, હરખે જોઇ નરનારી.
સાદે રંગવાળેરે, હીંડોળે ઝુલે ક્યારે,
ક્યારે ફુલ જાળીરે, ભરી હોય સુખકારે.
મોગરા ગુલાબેરે, મનોહર હીંડોળા,
સકલાતી સુહાવેરે, તારાનો દીપે ઝોળો.
મગનલાલ બાવારે, પ્રસન મને ઝુલાવે,
જય જયકાર શબ્દેરે, વૈશ્નવ જન હરખાવે.
બાળકૃષ્નજી કંઠેરે, મુકતાફળની માળા,
કોઇ દિન ધારેરે, હાર હીરાવાળા.
માણેક સણગારેરે, દીપી ઉઠે શુભ લાલી,

હીરામનની કંઠીરે, પ્રભા તેની મતવાલી.
સુર નર મુની મોહેરે, પ્રભુ છબી ન્યાળીને,
છટા એવી સોહેરે, આનંદ થાય ભાળીને.
કેવડાનો હીંડોળોરે, બને છે બહુ સારો,
મોતી કેરો રંગીનરે, ચમકનો અતિ ન્યારો.
કાચને હીંડોળેરે, બાળકૃષ્નજી બીરાજે,
કિરતન રસ ભરિયાંરે, ગવાય મધુરે સાજે.
રૂપાનો હીંડોળોરે, અલૌકીક અતિ ભારી,
ખુબીને શોભારે, નહીં જાય વિસતારી.
દરશનનો વધતોરે, પ્રેમ આ દાડામાં,
નરનારી નીકળેરે, કામ નાખી ખાડામાં.

છંદ લાવણી.

કૃષ્નપક્ષ શ્રાવણ માસ, વાધે દરશનનો ઉલ્લાસ,
બાળકૃષ્નજીના દાસ, વારી વારી જાએ—ટેક.
સમય ભોગસરા થાય, બંગલા કાચ કેરે માંય,
વસ્ત્ર ભુષણની શોભાય, બાળ કૃષ્નજી સ્વરૂપ.
ચાર બંગલાનો સોહાય, જોઇ જનમન રીઝાય,
સૂર વૈભવ જણાય, લીલા નવીન અનૂપ.
ભારી મૂલના સણગાર, જય જય બલિહાર,
કરી દરશન ભવપાર, થયા ભાગ્યશાળી ભૂપ.
કૃષ્ન કૃપાને પ્રતાપ, ટળી ગઇ મતી પાપ,
મન નિરમળ થયું આપ, પૂર્યો ભય દુખ કુપ.

દોહરો.

શક્તી પ્રમાણે વૈશ્નવો, શેવા કરતા સાર,

સ્વત શાકરને આદી લઇ, પ્રેમ માર્ગ નિરધાર.
ગરદી હરીજન કેરી હોય, કોઈ ઉભા બેઠા જોય,
એવે વરસે મેઘ તોય, ગરબડ અતીશય થાએ. કૃષ્ન-૧
બંગલો રૂપાનો જવ રચે, નકસીકામ દીસે વચે,
સુંદરપણું નવ બચે, અદભૂત રચનાય.
ભરગચીની પીછવાઇ, ઊમદા વસ્તુની સજાઇ,
જોતાં મન રે લોભાઇ, હૈયે હરખ નમાય.
ઝાપટ ચાલે જોરમાંઇ, ખસે આઘા પાછા ભાઇ,
કોઇ બેઠા જે દબાઇ, નામ તેનું ન લેવાય.
મોડા હોય તે આવે ધાઇ, જાણે પડશે અથડાઈ,
જોજો કેતા અરડાઈ, મુખે સ્વાસ નહીં માય;

દોહરો.

અનંત બ્રહ્માંડના ઇશ છે, બાળકૃષ્નજી આપ,
દર્શન કરતાં પ્રેમથી, ટળે ત્રિવિધિના તાપ.
ઉત્તમ મનુષ્ય જન્મસાર, કૃષ્ન ભક્તીથી ભવપાર,
પામે વૈકુંઠ નિરધાર, ગિરધરલાલ ગાએ-૨

જન્માષ્ટમી.

કૃષ્ન જન્મદીન, આનંદલીન, લિલા લલિત ભિન્ન, પુરમા ચાલે.
જોવા જેવો સીન, જનમન રંગીન, હરિભક્તી ચિન્હ, સુંદર તાલે-ટેક.
લઇને કદળી છોડ, પત્ર પુષ્પ જોડ, ગામડિયા કોડ, વેચે વારૂ,
લિએ વાડી આજ, ઠાકોરજી કાજ, ચૌટામાં સાજ, હરીવર સારૂ.
નરનારી બ્હાર, સજીને શૃંગાર, બાળક કિલકાર, શું વિસ્તારૂં.
ધમચકડ પૂર, સૌને મુખડે નૂર, રસરંગચૂર, લાગે પ્યારૂં.

દોહરો.

મંદિરમાં માનવી ઘણા, બણીઠણી તૈયાર,
આતુર દરશન કારણે, જોવા જેવો બ્હાર.
કેસર ચંદનમાલ, ગુંજાનીલાલ, મૂગટવીશાલ ખરીદે હાલે,
જોવા જેવો સીન, જનમન રંગીન, હરીભક્તી ચિન્હ સુંદર તાલે-૨

ઘરઘરમાં લાલ સેવા ખુશાલ, ખીલોના રસાલ, શોભા સારી.
પરવારી બ્હાર, નીકળે બજાર, સામગ્રી સાર લાવે ન્યારી.
તરેતરેના શાક, પ્રસાદીપાક,ભાજી અથાક, ધરીસૂધારી.
પાંચે પકવાન, બીજાં મિષ્ટાન, થઇ સાવધાન, કરે નરનારી.

દોહરો.

ભરાય ગોકુળિયું અહીં, શોભાનો નહીંપાર,
જોવા અનેક ગામના, આવે નરનેનાર.
ગજદંતસાર, વસ્તુ અપાર, વિલાયતી બ્હાર, જરમન માલે,
જોવા જેવો શીન, જનમન રંગીન, હરી ભક્તી ચીન્હ, સુંદરતાલે-૨
છબી રંગદાર, હય હાથીનાર, મેનામોર સ્વાર, પુતળી સુંદર.
ખુરસી ને મેજ, પરીઅંક છેજ, જે જોઇએ તેજ, સેજે હાજર.
હરેક ચીજ હાથ, બાલકની સાથ, જોઇ ગોકુલ ઠાઠ, આવે મંદિર.
નિશ દિવસ ભજન, કૃષ્નગુણ કથન, કરે પ્રેમીજન, ઘરઘર અંદર.

દોહરો.

એમ સમય હરીજન્મનો, મધ્ય નિશાએ થાય,
સ્નાન કરાવી પારણે, પધરાવે હરીરાય
વાજોનો નાદ. અતીશય અલ્હાદ, સેવાનો સ્વાદ, બણો તે કાલે,
જોવા જેવો સીન, જનમન રંગીન, હરીભક્તી ચીન્હ, સુંદર તાલે-૩
બાળકૃષ્નલાલ, ઝુલે પારણે હાલ, રાસ રમે ગ્વાલ, દધી છંટાએ.
યશોદા ને નંદ, ઘેર કૃષ્નચંદ, જન્મ્યા અખંડ, ઉછવથાએ.
તેવો બધો ખ્યાલ, મંદિરમાં ચાલ, નીરખીને ન્યાલ, જન રીઝાએ.
માણકંચન ઠાઠ, પારણે શ્રીનાથ, જોઇ જોડી હાથ, નમીએ પાએ

દોહરો.

કૃષ્નલીલા કેમ કહી શકું, થાકે શેષ મહેશ,
સંક્ષેપે કહી ગિરધરે, સમજો સજન વિશેષ.
જય નંદલાલ, જય દીનદયાલ, આપો ભક્તી ખ્યાલ, કરિ ક્ષમા ચાલે.
જોવા જેવો સીન, જનમન રંગીન, હરી ભક્તી ચિન્હ, સુંદરતાલે-૪.